# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/116 Dt. 01/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સની આરોગ્ય સંભાળ માટે SGCCI અને IMA સંયુક્ત અભિયાન હાથ ધરશે, ટીબી પેશન્ટ્સને દત્તક લઈને ન્યુટ્રિશન કીટ વિતરણ કરશે

### SGCCI અને IMA દ્વારા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં જઈને બ્રેસ્ટ કેન્સર અવેરનેસ, સર્વાઇકલ કેન્સર અવેરનેસ, નોન–કોમ્યુનિકેબલ ડિસીઝ પ્રિવેન્શન તથા ટીબી અવેરનેસ માટેના કાર્યક્રમો પણ યોજાશે

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૩૦ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ઈન્ડિયન મેડીકલ એસોસીએશન (IMA)ના રાષ્ટ્રીય પ્રમુખ શ્રી અનિલ નાયક અને ગુજરાત સ્ટેટ IMAના પ્રમુખ ડો. મેહુલ શાહની સાથે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું નેતૃત્વ ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડો. પારૂલ વડગામા દ્વારા કરવામાં આવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, ઇન્ડિયન મેડિકલ એસોસીએશનની આગામી તા. ૨૬, ૨૭ અને ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન ગાંધીનગર ખાતે ૧૦૦મી નેશનલ કોન્ફરન્સ મળનાર છે. જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઇન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા સંયુકતપણે સુરત તેમજ દક્ષિણ ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ તથા તેમના પરિવારજનોના આરોગ્યને પ્રાથમિકતા આપવામાં આવશે અને તેઓના આરોગ્ય સુધારણા માટે વિશેષ અવેરનેસ કાર્યક્રમો કરવામાં આવશે.

ચેમ્બર ઓફ કોમર્સ અને ઇન્ડિયન મેડિકલ એસોસીએશન દ્વારા ઇન્ડસ્ટ્રીયલ એરિયામાં જઈને બ્રેસ્ટ કેન્સર અવેરનેસ, સર્વાઇકલ કેન્સર અવેરનેસ, નોન–કોમ્યુનિકેબલ ડિસીઝ પ્રિવેન્શન તથા ટીબી અવેરનેસ માટેના કાર્યક્રમો યોજાશે. સાથે જ ઇન્ડસ્ટ્રીયલ ક્ષેત્રના ટીબી પેશન્ટસને દત્તક લેવામાં આવશે અને તેમને નિયમિત સારવાર સાથે ન્યુટ્રિશન કીટ્સનું વિતરણ કરવામાં આવશે.

આ ઉપરાંત, ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સમાં બ્લડ પ્રેશર, ડાયાબિટીઝ અને ઓબેસિટી (વજન વધવું) જેવી સમસ્યાઓના નિવારણ માટે તેઓની આરોગ્યની તપાસણી કરવામાં આવશે અને તેઓને માર્ગદર્શન આપવામાં આવશે. આ અભિયાનનો મુખ્ય હેતુ ઇન્ડસ્ટ્રીયલ વર્કર્સ તથા તેમના પરિવારજનોને સ્વસ્થ જીવનશૈલી તરફ પ્રોત્સાહિત કરવાનો છે તેમજ દક્ષિણ ગુજરાતને આરોગ્ય ક્ષેત્રે વધુ મજબૂત બનાવવાનો છે.

ચેમ્બર ઓફ કોમર્સના SGCCI ગ્લોબલ કનેકટ અંતર્ગત ૮૫ દેશોને ઇન્ડિયન મેડિકલ એસોસીએશનની ૧૦૦મી નેશનલ કોન્ફરન્સની માહિતી મોકલવામાં આવશે અને મેડિકલ ટુરીઝમને પ્રમોટ કરવા માટે તેઓને અનુરોધ કરવામાં આવશે. જે દેશોના પ્રતિનિધિઓ આ નેશનલ કોન્ફરન્સમાં ભાગ લેશે તેઓની સાથે વન ટુ વન મિટીંગ કરી બે દેશો વચ્ચેના દ્વિપક્ષીય વ્યાપારને વધારવા તેમજ મેડિકલ ટુરીઝમને વિકસાવવાની દિશામાં પ્રયાસ કરાશે.